શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872


# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


JSW Colouron+ ISC durashine TATA SHAKTEE
Premium Al-Zn Colour Coated Sheets
ALEVATE
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ અગિયારસ મંગળવાર ૬ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૯૩ પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

### મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધ થયેલી અરજીઓ પર EC, કેન્દ્રને સર્વોચ્ચ અદાલતની નોટિસ

# ચૂંટણી પંચના ગેરકાયદે જણાતા નિર્ણયો રદ કરીશું: સુપ્રીમ કોર્ટ

**મુખ્ય** ચૂંટણી કમિશનર વિરુદ્ધ થયેલી અરજીની સુનાવણી સુપ્રીમ કોર્ટે હાથ ધરી

**સુપ્રીમ** કોર્ટનો સ્પષ્ટ સંકેતઃ સર્વસંમતિ કે બહુમતિ વિના લેવાયેલા નિર્ણયો રદ થશે

**જો કે** અરજીનો નિકાલ નહીં આવે ત્યાં સુધી CECને નિર્ણયો લેતા અટકાવવાની માગ ફગાવી, CECને સસ્પેન્ડ કરવાનો પણ ઇન્કાર

**નવી દિલ્હી, તા. 5 (PTI):** સુપ્રીમ કોર્ટે સોમવારે ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી છે. આ નોટિસ એવી અરજીઓ પર પાઠવવામાં આવી છે જેમાં એવો આરોપ લગાવવામાં આવ્યો છે કે ચૂંટણી પંચે બે ચૂંટણી કમિશનરોની મંજૂરી વિના જ કેટલાંક નિર્ણયો લીધા હતા. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે જો કોઈ પણ નિર્ણય કાયદા અનુસાર લેવાયેલો નહીં જણાય, તો તેને રદ કરવામાં આવશે. જે નિર્ણયો સર્વસંમતિથી કે બહુમતિથી લેવાયેલા નહીં જણાય તે રદ કરવામાં આવશે એમ સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું.

જો કે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પિટિશનનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કોઈપણ નિર્ણય લેતા રોકવા અંગેની વચગાળાનો આદેશ આપવાનો અદાલતે ઇનકાર કરી દીદો હતો. અરજદાર રાકેશ કુમાર સિંહ વતી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ વિકાસ સિંહે વચગાળાની રાહત તરીકે કુમારને આગળના નિર્ણયો લેતા રોકવાનો આદેશ માંગ્યો હતો. તેમણે મતદાનના અધિકારોને લઈને દેશનો દરેક નાગરિક પોતાને અસુરક્ષિત અનુભવી રહ્યો હોવાનું કહીને CECના નિલંબનની પણ માંગ કરી હતી. બેંચે એડવોકેટ શૈલેન્દ્ર મણિ ત્રિપાઠી દ્વારા દાખલ કરવામાં આવેલી આવી જ એક સંબંધિત અરજી પર પણ નોટિસ જાહેર કરી હતી અને તેને સિંહની અરજી સાથે ટેગ કરી હતી. બેંચે આ અંગે ટિપ્પણી કરી હતી કે જો CECને સસ્પેન્ડ કરવામાં આવશે, તો ચૂંટણી પંચની કામગીરી સ્થગિત થઈ જશે. "તો પછી ચૂંટણી કોણ યોજશે?" એમ પૂછતાં બેંચે ઉમેર્યું હતું કે ચૂંટણી પંચે બંધારણીય જોગવાઈઓ અને જનાદેશ મુજબ કામ કરવાનું હોય છે. તેના જવાબમાં સિંહે રજૂઆત કરી હતી કે બંને ચૂંટણી કમિશનરો આ કામગીરી સંભાળી શકે છે. પરંતુ બેંચે સ્પષ્ટ કર્યું હતું કે કોઈ પણ આદેશ પસાર કરતા પહેલા સંબંધિત પક્ષકારોના જવાબ માંગવા જરૂરી છે.

બેંચે વધુમાં કહ્યું કે તે એકતરફી આદેશ આપી શકે નહીં અને તેણે

...અનુસંધાન પાના 5 પર

### ફોર્મ ૬માં કરાયેલા ફેરફારોને અમે મંજૂરી આપી નથી: સુપ્રીમ

પંચ કહે છે કે આ ફોર્મમાં કોઇ ફેરફાર કરાયો નથી, માત્ર ડેકલેરેશન ઉમેરાયું હતું

**નવી દિલ્હી.** સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે વિવિધ રાજ્યોમાં મતદાર યાદીની સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(SIR) પ્રક્રિયા દરમિયાન ચૂંટણી પંચ(EC) દ્વારા ઉપયોગમાં લેવાતા ફોર્મ ૬ માં કરવામાં આવેલા કોઈ પણ ફેરફારોને તેણે મંજૂરી આપી નથી. ફોર્મ ૬ એ એક એવું આવેદનપત્ર છે જેના માધ્યમથી કોઈ પાત્ર વ્યક્તિ મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરવા માટે વિનંતી કરે છે. તેમાં ચૂંટણી પંચે કરેલા ફેરફારો વિવાદાસ્પદ બન્યા છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યા કાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી તેમજ વી મોહનાની ખંડપીઠે જણાવ્યું હતું કે, "ફોર્મ ૬ માં કરાયેલા કોઈ પણ ફેરફારને અમારા દ્વારા મંજૂરી આપવામાં આવી નથી. ચાલો આ વાત સ્પષ્ટ કરી લઈએ. જ્યારે રેકોર્ડ્સ રજૂ કરવામાં આવશે, ત્યારે અમે જોવા માગીશું કે તેમાં કોણે ફેરફાર કર્યા છે." બીજી બાજુ, ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે ફોર્મ-૬માં એ સ આ ઇ આ ર કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી, માત્ર બિહારની કવાયત વખતે તેમાં એક ડેકલેરેશન ઉમેરવામાં આવ્યું હતું.





## જ્ઞાનેશ કુમાર સામે NSUIનું 'જીવંત મડદાં' પ્રદર્શન

**નવી દિલ્હી, તા. 5 (PTI):** દિલ્હીમાં નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઇન્ડિયા (એનએસયુઆઇ)ના અનેક કાર્યકરોની સોમવારે રાયસીના રોડ સ્થિત તેમના મુખ્યાલય નજીક પ્રતીકાત્મક 'લિવિંગ ડેડ' (જીવંત મડદાં) પ્રદર્શન દરમિયાન અટકાયત કરવામાં આવી હતી. વિદ્યાર્થી પાંખ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને તેમની ધરપકડની માગણી સાથે આ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

એનએસયુઆઈના રાષ્ટ્રીય અધ્યક્ષ વિનોદ જાખડની આગેવાની હેઠળ યોજાયેલા આ આંદોલનમાં કાર્યકરો રાયસીના રોડથી જંતર મંતર તરફ જવાના માર્ગ પર 'લિવિંગ ડેડ' બનીને જમીન પર પડ્યા રહ્યા હતા, જેથી દેશમાં મતાધિકાર અને ચૂંટણી પ્રક્રિયા પર તોળાઈ રહેલા જોખમ તરફ લોકોનું ધ્યાન ખેંચી શકાય. આ પ્રદર્શન દરમિયાન 'વોટ કી ચોરી નહીં ચલેગી, જનતા કી આવાઝ નહીં દબેગી' જેવા સૂત્રોચ્ચાર લખેલા પ્લેકાર્ડ્સ સાથે વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. દિલ્હી પોલીસે પ્રદર્શન કરી રહેલા વિનોદ જાખડ સહિત અનેક વિદ્યાર્થી નેતાઓની અટકાયત કરી હતી, જેને 'એનએસયુઆઇ'એ સખત શબ્દોમાં વખોડી કાઢી હતી.

### સુપ્રીમની નોટિસો પછી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામુ માગતા વિપક્ષો

આ ઘટનાવિકાસ વિપક્ષી ઈન્ડિયા ગઠબંધનના પક્ષો દ્વારા ચૂંટણી પંચના મુખ્યાલય બહાર મંગળવારે યોજાનાર પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન પહેલાં સામે આવ્યા છે, જેઓ SIR વિવાદને લઈને મુખ્ય ચૂંટણી કમિશનર કુમારને હટાવવાની માંગ કરી રહ્યા છે. અદાલતની નોટિસો બાદ, કોંગ્રેસ, સીપીઆઇ (CPI), આપ(AAP) અને બીજેડી (BJD) સહિતના વિરોધ પક્ષોએ સીઈસી કુમાર તાત્કાલિક રાજીનામું આપે તેવી માંગ કરી હતી. વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, હવે એ નિઃશંકપણે

...અનુસંધાન પાના 5 પર

### CECને અપાયેલ રક્ષણ અંગે તપાસ કરીશું, આવી મુક્તિ તો જજોને પણ મળતી નથી: કોર્ટ

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ(CJI) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેંચે જણાવ્યું હતું કે તે કાયદામાં મૂકવામાં આવેલી 'ઇમ્યુનિટી ક્લોઝ'ની તપાસ કરી શકે છે, જે CECને તેમનો હોદ્દો છોડ્યા પછી પણ કાર્યવાહી સામે રક્ષણ પૂરું પાડે છે. "અમે તમામ નિર્ણયોની તપાસ કરીશું. જો કોઈ નિર્ણય કાયદા વિરુદ્ધ જણાશે, તો અમે તેને રદ કરીશું. તમે અદાલતની સત્તાઓથી વાકેફ છો," તેમ જણાવતાં બેંચે નોંધ્યું હતું કે CECને મળતી આ મુક્તિ એવી છે જે ન્યાયાધીશો પાસે પણ નથી.

## દિલ્હી ડાયરી



### નેસ્લેના ડેરી વ્હાઇટનર વિવાદમાં

દિલ્હીના હૃદયસ્થાનમાં આવેલી એક પ્રતિષ્ઠિત ફાઇવ-સ્ટાર હોટેલ ખોટા કારણોસર ચર્ચામાં આવી છે. આ ચર્ચા કોઇ મોટા આયોજન કે હોટેલની મુલાકાતે આવેલા કોઇ પ્રતિષ્ઠિત વ્યક્તિત્વને કારણે નહીં, પરંતુ ખાદ્ય સુરક્ષાના કારણોસર છે. હા, તે સાચું છે. ભારતીય ખાદ્ય સુરક્ષા અને પ્રમાણભૂત સત્તામંડળ ( એ ફ એ સ એ સ એ આ ઈ ) એ જણાવ્યું છે કે, કનોટ પ્લેસ સ્થિત લલિત હોટેલના પરિસરમાંથી એકત્રિત કરવામાં આવેલ મલ્ટીનેશનલ કંપની નેસ્લે ઇન્ડિયા દ્વારા ઉત્પાદિત 'લો-ફેટ' ડેરી વ્હાઇટનરનો એક નમૂનો 'અસુરક્ષિત અને ગુણવત્તા વગરનો' જણાઈ આવ્યો છે. જોકે, આ ઘટનાક્રમના જવાબમાં નેસ્લે ઇન્ડિયાએ જણાવ્યું હતું કે, તે તમામ લાગુ પડતી નિયમનકારી આવશ્યકતાઓનું પાલન કરે છે અને તેનું લો-ફેટ ડેરી વ્હાઇટનર ખાવા માટે સુરક્ષિત છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં ખાદ્ય નિયમનકારે

...અનુસંધાન પાના 5 પર

## ઈન્ડિગો એરલાઈન્સે ફ્યુઅલ સરચાર્જ વધાર્યો

**આજથી** સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વિમાની મુસાફરી થશે મોંઘી

**અંતર** મુજબ ભાવ વધારોઃ સ્થાનિક રૂટ પર રૂ. 100થી 350નો વધારો; આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ પર સરચાર્જ રૂ. 10,000 સુધી પહોંચ્યો

**નવી દિલ્હી, તા. 5 (PTI):** દેશની સૌથી મોટી એરલાઇન ઈન્ડિગોએ વિમાન ઈંધણ (એટીએફ) ના વધતા ભાવોને ધ્યાનમાં રાખીને તેની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે ફ્યુઅલ સરચાર્જ વધારવાની જાહેરાત કરી છે.

આ સુધારેલા ચાર્જ 6 ઓક્ટોબરથી અમલમાં આવશે, જેના કારણે હવાઈ મુસાફરી વધુ મોંઘી બનશે અને મુસાફરો પર આર્થિક બોજ વધશે. એપ્રિલ પછી આ બીજી વખત છે જ્યારે એરલાઈને માર્ચમાં શરૂ કરાયેલા ફ્યુઅલ સરચાર્જમાં વધારો કર્યો છે. નવા માળખા મુજબ સ્થાનિક ફ્લાઈટ્સ માટે અંતરના આધારે રૂપિયા 100થી 350 સુધીનો વધારો કરાયો છે. 500 કિલોમીટર સુધીના અંતર માટે રૂપિયા 375, 501થી 1000 કિલોમીટર માટે રૂપિયા 600 અને 1001થી 1500 કિલોમીટર માટે રૂપિયા 900 ફ્યુઅલ સરચાર્જ રહેશે. તેમજ 1501થી 2000 કિલોમીટર માટે રૂપિયા 1150 અને 2000 કિલોમીટરથી વધુ અંતરની ફ્લાઈટ્સ માટે રૂપિયા 1300 નક્કી કરાયા છે. આંતરરાષ્ટ્રીય રૂટ પર સાર્ક દેશો માટે રૂપિયા 1000થી 3000 દક્ષિણ-પૂર્વ એશિયા અને મધ્ય પૂર્વ માટે રૂપિયા

...અનુસંધાન પાના 5 પર

## તુકારામ મુંઢે ન્યૂયોર્ક ટાઈમ્સના પહેલા પાને ચમક્યા



**મુંબઈ, તા. 5 :** મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન(FDA) કમિશનર તુકારામ મુંઢે, જેઓ અસ્વચ્છ રેસ્ટોરન્ટ્સ અને ખાણીપીણીના સ્થળો પર પોતાની કડક કાર્યવાહી માટે જાણીતા છે, તેઓને અમેરિકાના જાણીતા અખબાર 'ધ ન્યૂયોર્ક ટાઇમ્સ'ના પ્રથમ પાના પર એક "રોક સ્ટાર" તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. ખાદ્ય સુરક્ષાના નિયમોના કડક પાલનને કારણે ઘણીવાર 'IAS સિંઘમ' તરીકે ઓળખાતા મુંઢે રેસ્ટોરન્ટ્સ, ખાદ્ય સામગ્રીની દુકાનો, ગોડાઉનો અને ક્વિક-કોમર્સ ડાર્ક સ્ટોર્સ પર અચાનક પાડેલા દરોડાઓની શ્રેણી બાદ દેશમાં

...અનુસંધાન પાના 5 પર

## રશિયાના સાઈબિરિયા પ્રદેશમાં પ્લેગ ફાટ્યો?

**એક** લેબોરેટરીની કર્મચારી મહિલાનું શંકાસ્પદ ન્યૂમોનિક પ્લેગથી મૃત્યુ થયું હોવાની અટકળો, જો કે સત્તાવાર જાહેરાત કરાઇ નથી

**આ ઘટના** પછી સાઇબિરીયાની કેટલીક હોસ્પિટલોને ક્વોરેન્ટાઇન કરવામાં આવી, અનેક લોકો તબીબી નિરીક્ષણ હેઠળ





**ઈરકુત્સ્ક, તા. 5:** સાયબિરીયાની એક 'એન્ટી-પ્લેગ' ઈન્સ્ટિટ્યૂટમાં કામ કરતી મહિલાના મોત બાદ ત્યાંની કેટલીક હોસ્પિટલોને ક્વોરેન્ટાઇન કરવામાં આવી છે.

પૂર્વીય શહેર ઈરકુત્સ્કની એક ઈન્સ્ટિટ્યૂટમાં કર્મચારી તરીકે ફરજ બજાવતા દરિયા શિપિલોવા નામના આ મહિલા બીમાર પડ્યાના બે દિવસ પછી 2 ઓક્ટોબરની રાત્રે નજીકના શહેર શેલેખોવની એક પ્રાદેશિક હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા હતા. તેઓ કઈ રીતે બીમાર પડ્યા તે હજુ અસ્પષ્ટ છે. રશિયન મીડિયામાં વહેતા થયેલા અસમર્થિત અહેવાલો સૂચવે છે કે, વીસથી ત્રીસ વર્ષની વય વચ્ચેના શિપિલોવાને લેબોરેટરીમાં કામ દરમિયાન થયેલા એક અકસ્માત બાદ ચેપ લાગ્યો હોઈ શકે છે. જો કે, અધિકારીઓએ જાહેર રૂપે આ વાતની પુષ્ટિ કરી નથી. રાજકારણીઓ તરફથી મળતા પરસ્પર વિરોધી સંદેશાઓને કારણે આ અનિશ્ચિતતા વધુ ઘેરી બની છે. ઈરકુત્સ્કની પડોશમાં આવેલા બુરિયાતિયા પ્રદેશના વડા એલેક્સી ત્સીદેનોવે શરૂઆતમાં લખ્યું હતું કે મહિલાનું મૃત્યુ પ્લેગના કારણે થયું હતું, પરંતુ બાદમાં તેમણે પોતાની પોસ્ટમાં સુધારો કરીને લખ્યું કે તેમનું મૃત્યુ "કદાચ" આ બીમારીથી થયું હતું. એવી અટકળો છે કે તેનું મોત

...અનુસંધાન પાના 5 પર

### ન્યૂમોનિક પ્લેગ એ પ્લેગનું સૌથી ખતરનાક સ્વરૂપ છે

પ્લેગ ત્રણ પ્રકારના હોય છે - બ્યુબોનિક પ્લેગ, ન્યૂમોનિક પ્લેગ અને સેપ્ટેસેમિક પ્લેગ. આ ત્રણેયમાં ન્યૂમોનિક પ્લેગ સૌથી ખતરનાક ગણાય છે કારણ કે તે માણસથી માણસના સંપર્ક વડે ઝડપથી ફેલાઇ શકે છે અને તેની અસર પણ તીવ્ર હોઇ શકે છે. બ્યૂબોનિક પ્લેટ ઉંદર જેવા પ્રાણીઓના સંપર્કથી થાય છે જ્યારે સેપ્ટેસેમિક પ્લેગ રક્તવાહિકાઓને ચેપ લાગવાથી થઇ શકે છે.

### તા. ૦૫-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.00 મીમી | મોસમનો ૧૯૮૩ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૯.૯૫ ફૂટ | આઉટફ્લો ૭૧૩૬ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૫.૯૦ સે. | ૨૪.૯૦ સે. | ૪૯% |

## ભારત-અમેરિકા વેપાર મંત્રણામાં હવે વધુ છૂટછાટો અશક્ય છે: સીતારમણ

**નાણા** મંત્રીએ કહ્યું કે હવે આગળ કંઇ આપવું કે લેવું ખૂબ મુશ્કેલ બની શકે છે, વેપાર સંતુલન ભારતની તરફેણમાં છે

**નવી દિલ્હી, તા. 5:** નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર મંત્રણાઓ ચાલે છે પરંતુ આ વાટાઘાટો હવે એવા તબક્કે પહોંચી છે કે જ્યાં વધુ છૂટછાટો હવે અશક્ય છે. નવી દિલ્હીમાં મ્યુનિક લીડર્સ મીટિંગમાં બોલતા, સીતારામને આ કરાર, જે હજુ આખરી ઓપ આપવાનો બાકી છે, તેને કઠિન અને ખૂબ જ જોરદાર રીતે વાટાઘાટો કરાયેલ તરીકે વર્ણવ્યો હતો. "વાટાઘાટો હજુ પણ ચાલુ છે, જો કે આપણે માનવા માંગીએ છીએ કે બંને પક્ષો એક એવા તબક્કે પહોંચ્યા છે જેનાથી આગળ કંઈ આપવું કે લેવું ખૂબ જ મુશ્કેલ બની શકે છે," તેમણે કહ્યું. તેમણે ઉમેર્યું હતું કે બંને પક્ષો વાટાઘાટો માટે બાકી રહેલી કોઈપણ શક્યતા ચકાસી શકે છે. સીતારામને કહ્યું કે વેપાર સંતુલન ભારતની તરફેણમાં છે અને વોશિંગ્ટન તેની ખાદ્ય ઘટાડવા માંગે છે. તેમના મૂલ્યાંકન મુજબ,

...અનુસંધાન પાના 5 પર

## હેલ્થ ઈન્સ્યોરન્સ હોવા છતાં ખિસ્સામાંથી ભરવા પડશે 10% નાણાં

**10%** કો-પેમેન્ટ ફરજિયાત બનાવવાની તૈયારી, ઈન્સ્યોરન્સ કંપનીઓનો નવો પ્રસ્તાવ જો મંજૂર થશે તો 1 જાન્યુઆરી 2027 થી લાગુ થવાની શક્યતા

**વીમા** નિષ્ણાતોએ આ પ્રસ્તાવ અંગે ચિંતા વ્યક્ત કરી, દાવા દીઠ ગ્રાહકના યોગદાનની મહત્તમ મર્યાદા રૂ. 5 લાખ

**નવી દિલ્હી, તા. 5:** જો તમારી પાસે આરોગ્ય વીમો હોય તો પણ તમારે હોસ્પિટલના બિલના 10 ટકા ચૂકવવા પડી શકે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા (TOI) ના અહેવાલ મુજબ નોન-લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીઓ દ્વારા વિચારાધીન એક પ્રસ્તાવ હેઠળ હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસીધારકોએ હોસ્પિટલમાં ભરતી થવાના માન્ય ખર્ચના 10 ટકા રકમ જાતે ચૂકવવી પડી શકે છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળશે તો તે 1 જાન્યુઆરી 2027થી અમલમાં આવી શકે છે. જેમાં દાવા દીઠ ગ્રાહકના યોગદાનની મહત્તમ મર્યાદા રૂ. 5 લાખ નક્કી કરવામાં આવશે. જનરલ ઈન્સ્યોરન્સ કાઉન્સિલ દ્વારા વિચારવામાં આવી રહેલો આ પ્રસ્તાવ કેશલેસ સારવાર અને રીઅમ્બર્સમેન્ટ બંનેને લાગુ પડશે. આ સિવાય 10 ટકા કો-પેમેન્ટને કોઈપણ રાઈડર દ્વારા નાબૂદ કે ઘટાડી શકાશે નહીં અને તેને બીજી કોઈ ઈન્સ્યોરન્સ પોલિસી દ્વારા પણ મેળવી શકાશે નહીં. વીમા કંપનીઓનું માનવું છે કે જ્યારે દર્દી પાસે સંપૂર્ણ ઈન્સ્યોરન્સ કવર હોય ત્યારે હોસ્પિટલો બિનજરૂરી ટેસ્ટ, મોંઘા રૂમ અને વધુ દિવસ દાખલ રાખીને ઓવરબિલિંગ કરે છે, જેને

...અનુસંધાન પાના 5 પર

## સાઉદી અરેબિયાએ એશિયન ગ્રાહકો માટે ક્રૂડના ભાવ ઘટાડ્યા

**જોકે પેટ્રોલ** પંપો પર ભાવો નહીં ઘટે, સાઉદી અરામકો કંપનીએ તેના બેન્ચમાર્ક અરબ લાઇટ ક્રૂડની કિંમતમાં બેરલ દીઠ ૫ ડોલર જેટલો ઘટાડો કર્યો

**રિયાધ, તા. 5 :** સાઉદી અરેબિયાએ તેના એશિયન ગ્રાહકો માટે તેના ફ્લેગશીપ આરબ લાઈટ ક્રૂડની કિંમતમાં મોટો ઘટાડો કર્યો છે, જેનાથી ભારત સહિતના દેશોને રાહત થઈ શકે છે. જો કે આ ઘટાડાનો અર્થ એ નથી કે તેના કારણે પેટ્રોલ પંપો પર પણ ઈંધણના ભાવ ઘટી જશે. સાઉદી અરામકોએ આરબ લાઈટ ક્રૂડની નવેમ્બર મહિનાની સત્તાવાર વેચાણ કિંમત(OSP) બેરલ દીઠ આશરે $3 ઘટાડીને ઓમાન/દુબઈ બેન્ચમાર્કથી $5 નીચે કરી દીધી છે. છ વર્ષથી વધુ સમયગાળામાં આ સૌથી મોટું ડિસ્કાઉન્ટ છે. જોકે, આ ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે પર્સિયન ગલ્ફમાંથી ક્રૂડ તેલના પરિવહનનો ખર્ચ વધ્યો છે, જેના કારણે રિફાઈનર્સ માટે તેનો લાભ મર્યાદિત થઈ જાય છે. સાઉદી અરામકોના ઓછા OSPને મુખ્યત્વે ટેન્કર અને સમુદ્રી ભાડાના ખર્ચમાં થયેલા તીવ્ર વધારાના જવાબ તરીકે જોવામાં આવી રહ્યો

...અનુસંધાન પાના 5 પર